# ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, ગાંધીનગરના ટેકફેસ્ટ 'AMALTHEA'15 ના પ્રથમ દિવસે એન્જિનિયરિંગ જગતના તજજ્ઞોની સ્પીચ સાથે 'ઇકો-ટેક્નોલોજી' થીમ પર એક્ઝિબિશન ખુલ્લું મુકાયું

એન્જિનિયરિંગ સ્ટુડન્ટસના માઈન્ડમાં રહેલા ક્રિએટીવ આઈડિયા બહાર લાવવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી(આઈઆઈટી), ગાંધીનગર દર વર્ષે ટેકફેસ્ટ **'AMALTHEA'** નું આયોજન કરે છે. **'AMALTHEA-15'**નું આયોજન આઈઆઈટીના પાલેજ કેમ્પસ ખાતે કરાયું છે. જેમાં ઉદ્યોગ જગતના તજજ્ઞોની હાજરીમાં ભવિષ્યના એન્જિનિયરિંગ પર ચર્ચા કરાશે. આ દરમિયાન બાયો-એન્જિનિયરિંગ પર સ્ટુડન્ટસ અને પ્રોફેસર દ્વારા રિસર્ચ પેપર રજૂ કરવામાં આવ્યા હતા. ટેકનિકલ અને નોન ટેકનિકલ ઈવેન્ટમાં સ્ટુડન્ટસે પોતાના ક્રિએટિવ આઈડિયા અને થોટને પ્રેક્ટિલ ફોર્મેટમાં પ્રેઝન્ટ કરાયા હતા. જેમાં 'જુગાડ' થીમ પર યોજાયેલી ટેકનિકલ ઈવેન્ટમાં સ્કૂલ, કોલેજના સ્ટુડન્ટસે ખૂબ જ ઓછા સમયમાં સામાન્ય વસ્તુમાંથી ઈનોવેટિવ વસ્તુ ડેવલપ કરવાની હતી. આ ટેકનિકલ ઈવેન્ટમાં સ્ટુડન્ટસે ૫૦થી વધુ ઈનોવેશન બનાવ્યા હતા.